P G V C L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૧૯ № 108 તારીખ: 10 JUN 2019

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,
હીરાપુરી ખેતપૂરી ગોસાઈ,
ગામ- ભુરુડીયા,
તા-રાપર,
મોબાઇલ નંબર:- ૯૯૭૯૯ ૧૯૯૦૨

વિષય :- કેસ નંબર પીજી ૦૧/૦૦૧/૨૦૧૯-૨૦
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી ૦૧/૦૦૧/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ
(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ**
**પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ**
**ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮**
**E-Mail- forumbhuj.pgvcl@gebmail.com**


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ 108 તારીખ: 10/6/19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-001-2019-20.

અરજદાર: શ્રી હિરાપુરી ખેતપુરી ગુસાઈ
મુ.પો.-ભરૂડિયા , તા. ભચાઉ, જિ.-કચ્છ

રજૂઆત કરનાર: શ્રી હિરાપુરી ખેતપુરી ગુસાઈ.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

રજૂઆત કરનાર: (૧) શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
(૨) શ્રી એન.પી.મહેતા, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, પેટા-વિભાગીય કચેરી, રાપર
(૩) શ્રી એચ.આર.ઠાકર, જુનિ.ઈજનેરશ્રી, પીજીવીસીએલ, પેટા-વિભાગીય કચેરી, રાપર

## :: કોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, ચેરમેન
૨) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક
૩) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૨૪/૦૫/૨૦૧૯

સદર કેઈસમાં સીજીઆરએફ હીયરીંગ માટે અરજદારને તા. ૧૨/૦૪/૨૦૧૯, તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેવાની જાણ કરવામાં આવેલ. જેમાં અરજદારશ્રી તા. ૧૨/૦૪/૨૦૧૯ના રોજ અંજાર મધ્યે સીજીઆરએફની બેઠકમાં હાજર રહેલ. પીજીવીસીએલના અધિકારીઓ તા. ૧૨/૦૪/૨૦૧૯, તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી હિરાપુરી ખેતપુરી ગુસાઈ – ગામ ભરૂડિયા, તા. ભચાઉ, જી.-કચ્છએ વીજજોડાણમાં ટ્રાન્સફોર્મર લગાડવા માટે અરજી આપેલ છે.અરજદારના જણાવ્યા મુજબ પીજીવીસીએલ કચેરી દ્વારા ટીસી લગાડવામાં આવેલ નથી.



Scanned by CamScanner

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી દ્વારા એસ.આર. નં. ૮૯૦૧૮૬૩ થી ૩૨.૫ હોર્સપાવરના નવા વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી.

૧.૩ અરજદારશ્રીએ નવા વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી અને તેનોભાવપત્રક તા. ૨૭/૦૫/૨૦૧૪ના રોજ ભરપાઈ કરેલ હતા. જેમા અરજદારશ્રીમાં ગ્રાહક નંબર ૩૮૬૭૯/૧૦૨૧૩/૦ છે.

૧.૪ અરજદારશ્રી હીરાપુરી ખેતપુરી ગુસાઈએ નવા ખેતીવાડી વીજજોડાણની અરજી કરેલ અને ભાવપત્રક પણ ભરપાઈ કરેલ પરંતુ પીજીવીસીએલ કચેરી દ્વારા આજ દિન સુધી ટ્રાન્સફોર્મર લગાવેલ નથી.

૧.૫ અરજદારશ્રીએ સત્વરે ટ્રાન્સફોર્મર મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ તેમજ શ્રી એન.પી.મહેતા, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, પેટા-વિભાગીય કચેરી, રાપર રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદારશ્રીને હીરાપુરી ખેતપુરી ગુસાઈ દ્વારા નવા વીજજોડાણ માટે એસ.આર.નંબર ૫૯૦૧૮૬૩થી ૩૨.૫ હોર્સપાવરના વીજજોડાણ માટે અરજી કરેલ. જેનું ભાવપત્રક તેમના દ્વારા તા. ૨૭/૦૬/૨૦૧૪ના રોજ ભરપાઈ કરવામાં આવેલ હતું. જેના ગ્રાહક નંબર ૩૮૬૭૯/૧૦૨૧૩/૦ છે.

૨.૨ અરજદારશ્રી દ્વારા વીજજોડાણનું ટ્રાન્સફોર્મર મળેલ ન હોવાની આજ દિન સુધી પીજીવીસીએલ કચેરીમાં લેખિત કે મૌખિક ફરિયાદ મળેલ નથી.

૨.૩ અરજદારશ્રીની ફરિયાદ અનુસંધાને પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૧૭/૦૫/૨૦૧૯ના રોજ સ્થળ રોજ કામ કરવામાં આવેલ હતું, જેમાં અરજદારશ્રી પોતે હાજર રહેલ હતા.

૨.૪ જેમાં સ્થળ તપાસ કરતાં સ્થળ ઉપર ૧૧ કેવી વણોઈ એજી ફીડરમાંથી ટેપિંગ કરેલી આશરે ૨૨૦ મીટર જેટલી ટેપિંગ લાઈન ઉભી થયેલ છે. જેમાં એક ડીપી સ્ટ્રક્ચર ઉભું કરેલું જોવા મળે છે. સદર ટેપિંગ લાઈનમાં વચ્ચે ત્રણ પોલ ઈરેક્ટ થયેલ જોવા મળેલ છે. જેમાં જમ્પર પણ આવેલ છે. સદર ડીપી સ્ટ્રક્ચરમાં હાલ કોઈ ટ્રાન્સફોર્મર હયાત નથી.સદર ડીપીની ઉપરની સાઈડે ૧૧ કેવી જમ્પરના ત્રણેય ફેઈઝમાં સાંધા જોવા મળેલ છે. તેમજ સદર ડીપી સેટની નીચેની સાઈડે ૧૧ કેવી કંડક્ટર સાથે ત્રણેય ફેઈઝમાં ત્રણ અલગ અલગ એબી કેબલ સાંધા મારીને લટકેલી હાલતમાં જોવા મળેલ છે. તેમજ સદર એબી કેબલના અંતિમ છૂટા પડેલ છેડેથી કેબલ છોલેલો છે. તેમજ તેમાંથી નીકળતા કંડક્ટરને ગોળ ગૂંચળુંવાળી હૂક બનાવેલ છે. કે જે સહેલાઈથી વીજ ટ્રાન્સફોર્મરની એચ.ટી.સાઈડની બુશિંગ સ્ટડમાં ભરાવીને વીજકનેક્શન કરી શકાય તેમ છે.

૨.૫ સદર કેસમાં ડીપી સ્ટ્રક્ચર પર રામવાવ/ટીસી/૮૭ એવું પોલ નંબરીંગ પણ જોવા મળેલ છે. તેમજ બે વીજપોલ પર રામવાવ/આરજેપી/એજી/૬૯/૩૬૮ એવું પોલ નંબરીંગ થયેલ જોવા મળેલ છે. તેમજ બે વીજપોલ પર બીએચસી/૫૨/૨૫-૧-૧૪ તેમજ બીએચસી/૧૮/૨૬-૧-૧૪ તેવા પોલ ફેક્ટરીના નંબર પણ અંકિત થયેલ જોવા મળેલ છે.

૨.૬ સદર કેસમાં ઉપરોક્ત રોજકામની નકલ,ફોટા,સી.ડી. આપશ્રીની ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂ કરેલ છે. તે મુજબ અરજદારશ્રીને જે તે સમયે ટ્રાંસફોર્મર લગાવેલ છે તે કહી શકાય છે. પરંતુ હાલમાં સ્થળ પર ટ્રાન્સફોર્મર કે વીજમીટર હયાત નથી.



Scanned by CamScanner

૨.૭ સદર કેસમાં અરજદારશ્રીને ટ્રાંસફોર્મર લગાવેલ છે જે અંગે વિભાગીય કચેરીમાં કોન્ટ્રાકટરના બીલ પાસ થયેલ છે. જેમાં અરજદારશ્રીનું નામ, એસ.આર.નંબર અને ગેટપાસની નકલ પણ સામેલ રાખેલ છે.

૨.૮ અરજદારશ્રીની ફરિયાદના અનુસંધાને તેમના વીજપ્રસ્થાપનની સ્થળ તપાસ કરતાં સ્થળ પર ૧૧ કેવી વણોઈ ખેતીવાડી ફીડરમાંથી નવા ઘણા પોલ અને એક ટી.સી. સ્ટ્રક્ચર ઉભા કરી ચાર ગાળાનું વાયરીંગ કામ કરેલ છે. પરંતુ હાલમાં સ્થળ પર ટ્રાન્સફોર્મર હયાત નથી.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રી હીરાપુરી ખેતપુરી ગુસાઈના જણાવ્યા મુજબ તેમણે ભાવપત્રક તા. ૨૭/૦૫/૨૦૧૪ના રોજ ભરપાઈ કરેલ છે. પરંતુ આજ દિન સુધી તેમને વીજ ટ્રાન્સ્ફોર્મર મળેલ નથી.

3.૨ અરજદારશ્રીએ ભાવપત્રક ભરપાઈ કરેલ અને તેઓશ્રીને આજદિન સુધી વીજ ટ્રાન્સ્ફોર્મર મળેલ નથી તે અંગેની પેટાવિભાગીય કચેરી કે વિભાગીય કચેરીમાં આજ દિન સુધી લેખિત કે મૌખિક રજૂઆત કરવામાં આવેલ નથી.

3.3 સદર કેસમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં અરજદારની અરજી આવતાં પેટાવિભાગીય કચેરી દ્વારા તા. ૧૭/૦૫/૨૦૧૯ ના રોજ સ્થળ રોજકામ કરતાં પીજીવીસીએલ કંપનીના અધિકારીગણ દ્વારા જણાવવામાં આવેલ કે વીજપ્રસ્થાપનની સ્થળ તપાસ કરતાં સ્થળ પર ૧૧ કેવી વણોઈ ખેતીવાડી ફીડરમાંથી નવા ત્રણ પોલ અને એક ટી.સી. સ્ટ્રક્ચર ઉભા કરી ચાર ગાળાનું વાયરીંગ કામ કરેલ છે. પરંતુ હાલમાં સ્થળ પર ટ્રાન્સફોર્મર તેમજ વીજમીટર હયાત નથી.

3.૪ સદર કેસમાં પીજીવીસીએલ અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ થયેલ જેમા લાઈન ઈરેક્ટેડ છે અને વિભાગીય કચેરીમાં કોન્ટ્રાક્ટર બીલ પાસ કરેલ છે. તેમાં અરજદારશ્રીનું નામ, એસ.આર.નંબર અને ગેટપાસ જોડેલ છે.

3.૫ પીજીવીસીએલ અધિકારીઓ દ્વારા તા ૧૭/૦૫/૨૦૧૯ ના રોજ ઉપરોક્ત સ્થળ તપાસ કરેલ છે જેના આધારપુરાવા સ્વરૂપે પીજીવીસીએલ તરફથી ફોટોગ્રાફ્સ, રોજકામની નકલ અને સી.ડી. રજૂ કરેલ છે. પીજીવીસીએલ દ્વારા રજુ કરવામાં આવેલ આધારપુરાવા ઉપરથી જે તે સમયે ટ્રાન્સફોર્મર લગાવીને તેમજ મીટર લગાવીને ગ્રાહક નંબર-3૮૬૭૯/૧૦૨૧3/0 થી સદર ખેતીવાડી વીજ્જોડાણ રીલીઝ કરવામાં આવેલ છે.

3.૬ આમ, અરજદારશ્રીના જણાવ્યા પ્રમાણે સ્થળ પર ટ્રાન્સફોર્મર તેમજ મીટર લગાવવામાં આવેલ નથી, તે બાબતની ફરીયાદ અવાસ્તવિક તથા ખોટી છે.

3.૭ આમ, અરજદારશ્રીની અરજી ફૈસલ કરવામાં આવે છે તથા અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન એચ જોષી) | (એ.એસ.માંડલિયા) | (જે.બી. પારેખ) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

નોંધ:

PG-01-001-2019-20

Scanned by CamScanner

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

ફરિયાદ નિવારણ ફોરમ

PG-01-001-2019-20

Scanned by CamScanner